Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-7, Continuous Issue-23, January - February 2024

# ભરતમુનિની નાટ્ય વિચારણા સંદર્ભે ભારતીય પ્રત્યાયન મોડેલ સાધારણીકરણ

-પરીક્ષિત જોશી

**ટૂંકસાર**

પશ્ચિમમાં એરિસ્ટોટલ દ્વારા અને પૂર્વમાં ભરતમુનિ દ્વારા પ્રાચીન નાટ્યશાસ્ત્ર સંદર્ભે પ્રત્યાયન કે સંચાર વિશેની ચર્ચાવિચારણાની શરુઆત થઈ. ભરતમુનિ જે અભિનયની વાત કરે છે એ આધુનિક યુગમાં રિપ્રેઝન્ટેશન, કમ્યુનિકેશન, એક્સપ્રેશન જેવા અંગ્રેજી પર્યાય તરીકે પ્રસ્તુત થાય છે. જોકે એમાં અભિનયનો રુઢ થયેલો પર્યાય એક્ટિંગ પ્રયોજાયો નથી એ પણ એક નક્કર હકીકત છે. ભરતમુનિના રસસિદ્ધાંતમાં રસ એકમાત્ર મુખ્ય છે. એટલે જ એસ.સી.સેનગુપ્તા કહે છે એમ, ભરતમુનિનો રસસિદ્ધાંત પશ્ચિમના નાટકોમાં લાગુ કરી શકાય છે. પરંતુ એવું પશ્ચિમના સિદ્ધાંત બાબતે સંસ્કૃત નાટકોમાં શક્ય બનતું નથી. ભરતમુનિની નાટ્યવિચારણા અને વિભાવના એટલી વ્યાપક અને વિશદ્ છે કે આજના આધુનિક નાટ્યવિશેષજ્ઞો કોન્સ્ટનટિન સ્ટાનિસ્લાવસ્કી, બર્ટોલ્ટ બ્રેખ્ત અને જર્ઝી ગ્રોટોવ્સ્કી જેવાની અભિનય સંદર્ભની વિચારણાના મુખ્ય મુખ્ય અંશો ભરતમુનિની અભિનય વિભાવનામાં બીજ સ્વરુપે મળી આવે છે. ભરતમુનિની નાટ્ય વિચારણા અને પ્રત્યાયનના સંદર્ભમાં જોઈએ તો કે. એમ. વર્મા *(મહેશ ચંપકલાલ, ભરતનાટ્યશાસ્ત્ર, 1997, પૃ.100)* [10] પણ એને એક્ટ ઑફ કમ્યુનિકેશન (પ્રત્યાયનની પ્રક્રિયા) તરીકે સ્વીકારે છે. વૈશ્વિક સ્તરે થઈ રહેલા પ્રત્યાયન વિષયના સંશોધનના મૂળ આપણી ભારતીય પરંપરા, ભારતીય પ્રાચીન નાટ્યશાસ્ત્ર અને એના રચયિતા ભરતમુનિની વિચારણામાં પડેલા છે એ દર્શાવવાનો આ શોધપત્રનો મુખ્ય વિષય અને આશય છે. હિન્દુ દ્રષ્ટિકોણમાં પ્રત્યાયનની શક્યતા ઘણી વ્યાપક છે. પ્રત્યાયન આપણા જીવનના આધિભૌતિક (ફિઝીકલ), આધિદૈવિક( મેન્ટલ) અને આધ્યાત્મિક (સ્પિરચ્યુઅલ) ત્રણેય પરિમાણ સાથે યથાયોગ્ય રીતે સંકળાઈ શકે એટલો વ્યાપક છે. હિન્દુઈઝમ હંમેશા જીવનના ચારેય પુરુષાર્થ- ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવા પર ભાર મૂકે છે અને આ ચારેય પુરુષાર્થને પ્રાપ્ત કરવામાં પ્રત્યાયન સક્ષમ છે. આમ સમગ્રતયા જોઈએ તો ભરતમુનિની નાટ્ય વિચારણાના સંદર્ભે સાધારણીકરણનું આ ભારતીય પ્રત્યાયન મોડેલ સ્પષ્ટપણે હિન્દુ વૈશ્વિક દ્રષ્ટિકોણને પ્રસ્તુત કરે છે.

**મુખ્ય શોધશબ્દો**

ભરતમુનિ, નાટ્યશાસ્ત્ર, પ્રત્યાયન, સંચાર, કમ્યુનિકેશન, અભિનય, રસસિદ્ધાંત, સાધારણીકરણ, સહૃદયતા, ભારતીય પરંપરા, ભારતીય મૂળ, સંશોધન, એસએમસી (સામોક).

## વિષય પ્રવેશ

ભરતમુનિએ ‘નાટ્યશાસ્ત્ર’ના પ્રથમ અધ્યાયમાં નાટકનું સ્વરુપ સ્પષ્ટ કરતી વખતે ‘અનુકરણ’ની સંજ્ઞા એકાધિકવાર પ્રયોજી છે. અનુકરણનો અર્થ સ્પષ્ટ કરવા એમણે એક આખ્યાયિકા પણ રજૂ કરી છે.

જેમકે, ઇન્દ્રના કહેવાથી બ્રહ્માજીએ નાટ્યવેદ તૈયાર કર્યો. પરંતુ એને યથાતથ આત્મસાત્ કરવા દેવતાઓ અસમર્થ હતા એટલે એ કાર્ય ભરતમુનિને સોંપવામાં આવે છે. ભરતમુનિ પોતાના પુત્રોને એ શીખવે છે અને પરિણામે નાટ્યપ્રયોગ તૈયાર થાય છે. ઈન્દ્રધ્વજ ઉત્સવમાં થયેલા આ નાટકના પ્રયોગનો વિષય હતો દાનવો પર દેવોએ પ્રાપ્ત કરેલો વિજય. નાટ્યમંચન દરમિયાન દાનવો એમાં એમના ચરિત્રચિત્રણના વિરોધમાં વિઘ્ન ઊભું કરે છે ત્યારે બ્રહ્માજી એમને સમજાવતી વખતે અનુકરણ શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે. *(એજન, પૃ.4)* [10] આ સંદર્ભમાં અભિનવગુપ્ત કહે છે કે, અહીં પ્રયોજાયેલા અનુભાવન, અનુકીર્તન, અનુકરણ ઈત્યાદિ શબ્દો 'મૂળ ભાવોની સ્થૂળ પ્રતિકૃતિ' નહીં પણ 'સાધારણી-કૃત ભાવો'નો સંકેત કરે છે. નાટકમાં વિભાવાદિ સામગ્રીનું સાધારણીકરણ થાય છે. તો અભિનવગુપ્તના ગુરુ ભટ્ટ તૌતે આ પ્રક્રિયા માટે 'અનુવ્યવસાય' શબ્દ પ્રયોજે છે જે ભરતમુનિએ પ્રયોજેલા 'અનુકીર્તન' શબ્દનો સમાનાર્થી છે. એ સંદર્ભે નગીનદાસ પારેખ નોંધે છે કે, અનુવ્યવસાય એટલે ઈન્દ્રિયોએ ગ્રહણવ્યાપારથી પૂરી પાડેલી સામગ્રી ઉપર ચાલતો મનનો વ્યાપાર. ઈન્દ્રિયો મારફત મળતું પ્રત્યક્ષ જ્ઞાન તે વ્યવસાય. એ પછી મનસ્ દ્વારા તેનો જે સાક્ષાત્કાર થાય એ અનુવ્યવસાય. પ્રમોદકુમાર પટેલ અનુવ્યવસાય સંજ્ઞાનો અર્થ સ્પષ્ટ કરતાં જણાવે છે કે, અભિનયની પ્રવૃત્તિમાં નટનટીઓ માનવજીવનના પ્રસંગોની સ્થૂળ નકલ કરતાં હોતાં નથી, પણ તેને અવલંબીને નવું સર્જનાત્મક રુપ રચે છે.

**પ્રસ્તાવના**

પૂર્વમાં ભરતમુનિ દ્વારા પ્રાચીન નાટ્યશાસ્ત્ર સંદર્ભે પ્રત્યાયન કે સંચાર વિશેની ચર્ચાવિચારણાની શરુઆત થઈ. ભરતમુનિ જે અભિનયની વાત કરે છે એ આધુનિક યુગમાં રિપ્રેઝન્ટેશન, કમ્યુનિકેશન, એક્સપ્રેશન જેવા અંગ્રેજી પર્યાય તરીકે પ્રસ્તુત થાય છે. ભરતમુનિના રસસિદ્ધાંતમાં રસ એકમાત્ર મુખ્ય છે. ભરતમુનિની નાટ્યવિચારણા અને વિભાવના એટલી વ્યાપક અને વિશદ્ છે કે આજના આધુનિક નાટ્યવિશેષજ્ઞો કોન્સ્ટનટિન સ્ટાનિસ્લાવસ્કી, બર્ટોલ્ટ બ્રેખ્ત અને જર્ઝી ગ્રોટોવ્સ્કી જેવાની અભિનય સંદર્ભની વિચારણાના મુખ્ય મુખ્ય અંશો ભરતમુનિની અભિનય વિભાવનામાં બીજ સ્વરુપે મળી આવે છે. ભરતમુનિની નાટ્ય વિચારણા અને પ્રત્યાયનના સંદર્ભમાં જોઈએ તો કે. એમ. વર્મા પણ એને એક્ટ ઑફ કમ્યુનિકેશન (પ્રત્યાયનની પ્રક્રિયા) તરીકે સ્વીકારે છે.

સાધારણીકરણનો સામાન્ય અર્થ જોઈએ તો એ અસાધારણનું સાધારણ અને વિશેષનું સામાન્ય થઈ જવું એવો કરી શકાય. પત્રકારત્વ કે જેને અંગ્રેજીમાં આપણે જર્નલિઝમ કહીએ છીએ અને એનો સ્પેલિંગ Journalism એમ કરીએ છીએ, એ શબ્દને આ સંદર્ભમાં લઈને જોઈએ તો જર્નલિઝમને આપણે જનરલીઝમ એટલેકે જેનો સ્પેલિંગ આપણે Generalism કરી શકીએ અને સામાન્યીકરણ અથવા તો સાધારણીકરણ તરીકે ઉલ્લેખી શકીએ. *(કમ્યુનિકેશન ઈન ઈન્ડિયન કન્ટેક્સ- ફ્રોમ એન્શન્ટ ટાઈમ્સ ટુ ટિલ ટુડે, પરીક્ષિત જોશી, માસકોમ થિયરી પ્રેઝન્ટેશન, પીએચડી કોર્સવર્ક (અનપબ્લિશ), 15-4-2022)* [7] જે આપણને ભરતમુનિ વિરચિત આપણા પ્રાચીન નાટ્યશાસ્ત્રના ગ્રંથ સુધી દોરી જાય છે.

ભરતમુનિએ જે સાધારણીકરણની વાત કરી છે એમાં કવિ અને વાચક અથવા તો નટ-નટી અને દર્શક જ્યારે એકરસ એકચિત્ત થાય છે ત્યારે સાધારણીકરણનો એક નવો લય પેદા થાય છે. એ રીતે, સાધારણીકરણ ત્યારે જ શક્ય બને છે જ્યારે બેય પાત્ર વચ્ચે એક જ ભાવના કે એક જ લાગણી કે એક જ રસ નિષ્પત્તિ થાય છે. રંગમંચના દ્રષ્ટાંત દ્વારા ભરતમુનિએ કહ્યું છે એમ, નાયક નાયિકાના અભિનય સાથેના તાદાત્મ્યથી જ ખરી રસ નિષ્પત્તિ થાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, નળ-દમયંતી નાટકના

એક પ્રસંગ તરીકે જ્યારે નળરાજાએ વેરાન જંગલમાં ભોજન માટે મહામહેનતે પકડેલી માછલીઓ જ્યારે દમયંતીના હાથમાં સોંપે છે ત્યારે દમયંતીને મળેલા વરદાનને લીધે એ મૃત માછલીઓ પુનઃ જીવિત થઈને સરોવરમાં સરી પડે છે. આ કરુણાસભર દ્રશ્યને જોઈ રહેલા દર્શક પણ નળ-દમયંતીના દુઃખમાં પોતાને ભાગીદાર ગણતા હોય એમ લાગણીવશ ભીની આંખે અશ્રુધાર વહાવતા હોય છે. આ ક્ષણો એ જ સાધારણીકરણનો સિદ્ધાંતની ખરી રસનિષ્પત્તિ દર્શાવે છે. *(એજન)* [7] કાવ્યશાસ્ત્રમાં સાધારણીકરણ શબ્દનો પ્રયોગ રસનિષ્પત્તિના સંદર્ભમાં થયો છે. જેનો સર્વપ્રથમ ઉપયોગ ભટ્ટ નાયકે (ઈ.પૂર્વે 10મી સદી) ભરતમુનિના રસ સૂત્રની વ્યાખ્યા કરતાં કર્યો છે. જે ભટ્ટ નાયકના ભુક્તિવાદના રસ નિષ્પત્તિ સિદ્ધાંત તરીકે ખ્યાત છે.

નાટ્યશાસ્ત્રમાં રસનિષ્પત્તિની વાત કરતાં ભરતમુનિ કહે છે કે, विभावानुभावसंचारीसंयोगद्रसनिष्पत्ति । ભરતમુનિના રસસૂત્ર આધારે રજૂ થયેલા સાધારણીકરણના વિચારની વ્યાખ્યા ભટ્ટ લોલટ, શ્રી શંકુક, ભટ્ટ નાયક અને અભિનવ ગુપ્ત એ ચાર મહાનુભાવોએ કરી છે.

## રસનિષ્પત્તિ અને સાધારણીકરણ

સાધારણીકરણ થાય છે એ તો સત્ય છે પરંતુ એ સાધારણીકરણ સ્થાયી ભાવ, વિભાવ, અનુભાવ, સંચારી ભાવ, વાચક કે શ્રોતા કે દર્શકના ચિત્તભાવ કે કવિ લેખકની અનુભૂતિ આ બધાંમાંથી શેનું થાય છે એ વિશે પણ એક વિચાર કરવા જેવો છે.

ભટ્ટ નાયક કહે છે કે, भावकत्वम् साधारणीकरण, तेन हि व्यापारेण विभावदायः, स्थायी च साधारणीकरण क्रियन्ते । અર્થાત્, ભાવકત્વ જ સાધારણીકરણ છે. આ વ્યાપાર અથવા પ્રવૃત્તિમાં વિભાવાદિ (જેમાં વિભાવ, અનુભાવ અને સંચારી ભાવનો સમાસ થાય છે) અને સ્થાયી ભાવોનું સાધારણીકરણ થાય છે. ભટ્ટ નાયકે કાવ્યમાં ત્રણ પ્રકારના વ્યાપારની વાત કરી છે. 1.અભિધા – પાઠનો વાચ્યાર્થ, ભાષા અને આલંકારિક યોજના, 2.ભાવકત્વ- કાવ્યરસો સાથે સંબંધ અને 3.ભોજકત્વ- સહૃદય સામાજિક સાથે સંબંધ. જોકે ભટ્ટ નાયકના આ મતને આચાર્ય અભિનવગુપ્ત માન્ય રાખતા નથી.

અભિનવગુપ્તના મતે, સાધારણીકરણ બે સ્તરે સંપન્ન થાય છે. પહેલા સ્તરે વિભાવાદિ દેશકાળના બંધનથી મુક્ત થઈ જાય છે અને બીજા સ્તરે વાચક કે શ્રોતા સ્વ-પર (મારા-તમારા)ની ચેતનાથી મુક્ત થઈ જાય છે. અર્થાત્ અભિનવગુપ્ત વિભાવાદિના સ્થાયી ભાવની સાથોસાથ સામાજિકની અનુભૂતિના સાધારણીકરણની વાત મૂકે છે. આચાર્ય વિશ્વનાથના મતાનુસાર, સાધારણીકરણ દ્વારા વાચક કે શ્રોતા અને વિભાવાદિમાં પૂર્ણ તાદાત્મ્યની સ્થિતિને શક્ય છે. અર્થાત્ એમના મતે, વિભાવાદિ પોતાના અને પારકાની ભાવનાથી મુક્ત થઈ જાય છે.

રસ કે અનુભૂતિ કે પછી ભાવનાને આધારે સાધારણીકરણ થાય છે. સાધારણીકરણ ઉપરાંત ભાવ મુખ્યત્વે ઐતિહાસિક પાત્રો પર, વર્ણિત પાત્રો પર, પાત્રોના ભાવ પર અને કવિની કલ્પનાની અનુભૂતિ પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે, રામચરિતમાનસ આધારિત નાટકનું ઉદાહરણ સંદર્ભે દર્શક અને રામ વચ્ચેનો સંબંધ જોઈએ તો જો રામ રુદન કરે છે તો દર્શક પણ રડે છે. જો રામ ક્રોધ કરે છે તો દર્શકો પણ ગુસ્સે થાય છે. આ સાધારણીકરણનું એક ઉત્તમ ઉદાહરણ છે. પરંતુ આ શ્રીરામ ક્યા. તુલસીદાસના રામ, પૌરાણિક પાત્ર રામ, ટીવી સીરિયલનું પાત્ર રામ કે પુસ્તકના રામ. આ વાતનો સંદર્ભ આશ્રય અને આલંબન પર રહ્યો છે. જેના મનમાં ભાવ આવે છે એ આશ્રય, જેના કારણે ભાવ આવી રહ્યો છે એ આલંબન એવી વ્યાખ્યા આપણે ત્યાં રુઢ થયેલી છે. એ જોતાં, આચાર્ય રામચંદ્ર

શુક્લ કહે છે એમ, આશ્રયની સાથે સહૃદયનું તાદાત્મ્ય થાય છે. સાધારણીકરણ આલંબનનું નહીં પરંતુ આલંબનત્વનું થાય છે. બીજા શબ્દોમાં આલંબન પ્રતિ જે ભાવ હોય છે એનું સાધારણીકરણ થાય છે. જેમકે, રામ (આશ્રય) – સીતા (આલંબન) – પ્રેમ (સાધારણીકરણ).

## ભરતમુનિ અને પ્રત્યાયનનું ભારતીય મૂળનું સાધારણીકરણ

નાટક એ પ્રાચીન ભારતમાં પ્રત્યાયનનું એક સબળ માધ્યમ હતું. અને ભરતમુનિ કૃત નાટ્યશાસ્ત્ર તત્કાલિન ભારતના પ્રચલિત અને પ્રખ્યાત નાટ્યશાસ્ત્ર વિશેનો સૌ પહેલો દસ્તાવેજ છે. ભરતમુનિએ એમાં પ્રત્યાયનના મૂળભૂત સિદ્ધાંતને વર્બલ અને નોન-વર્બલ બેય રીતે સમાવ્યા છે. એ રીતે ભરતમુનિની પ્રત્યાયન થિયરી વિશિષ્ટ છે. એમના રસસૂત્ર આધારે રસસિદ્ધાંત સ્થાપિત થયો અને એ રસસિદ્ધાંતને આધારે ભટ્ટનાયકની સાધારણીકરણની થિયરી રચાઈ. એની સાથે ઉલ્લેખિત સહૃદયતા પણ નાટ્યશાસ્ત્રમાંથી જ ઉદ્ભવી છે. જ્યોતીન્દ્ર દવે કહે છે એમ, ભટ્ટ નાયકનું સર્વોત્તમ પ્રદાન એ તેનો સાધારણીકરણનો સિદ્ધાંત છે. તેમના મતે રસનિષ્પત્તિ એટલે રસની ભુક્તિ કે ભોગ. કાવ્યગત કે નટગત ભાવ સહૃદયને કે સમસ્ત-સહૃદય-સમુદાયને આસ્વાદ્ય શી રીતે બને છે એ ભટ્ટ નાયકે સાધારણીકરણ દ્વારા સમજાવ્યું છે. રા.વિ.પાઠક કહે છે કે, કાવ્યમાં જે ભાવ સહૃદયને થાય છે એ પહેલાં કવિને થયેલો હોય છે. કવિનું કૌશલ એ કે તે પોતાનો ભાવ પોતાની કૃતિ દ્વારા સહૃદયમાં સંક્રાન્ત કરી શકે છે. અહીં આ સ્વાનુભવ એ પરાનુભવ જેટલો જ સાધારણીકૃત હોવો જોઈએ. 1980માં ઈસ્ટ-વેસ્ટ કમ્યુનિકેશન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા હવાઈ ખાતે પહેલું આંતરરાષ્ટ્રીય સિમ્પોસિયમ યોજવામાં આવ્યું હતું. કમ્યુનિકેશન થિયરી- ઈસ્ર્ટન એન્ડ વેસ્ર્ટન પ્રસ્પેક્ટિવ્સ વિષયે યોજાયેલા આ સિમ્પોસિયમમાં જે. એસ. યાદવે રજૂ કરેલા શોધપત્રમાં એવો મત રજૂ કર્યો હતો કે સાધારણીકરણ, હિન્દુ દ્રષ્ટિકોણમાં એ જ વિચાર છે જેને આજે આપણે કમ્યુનિકેશન અથવા પ્રત્યાયન કહીએ છીએ.

## સાધારણીકરણ અને પ્રત્યાયન

પ્રત્યાયનના ભારતીય સિદ્ધાંત એવા સાધારણીકરણના મૂળ ભરતમુનિ કૃત નાટ્યશાસ્ત્રમાં પડ્યા છે પરંતુ સાધારણીકરણની વિભાવનાને પ્રચલિત કરવાનું શ્રેય ભટ્ટ નાયકને ફાળે જાય છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્ર આધારિત રસસિદ્ધાંત વિશેના વિવેચનમાં ભટ્ટ નાયક સાધારણીકરણનો સિદ્ધાંત સમજાવે છે. સાધારણીકરણ એ સંસ્કૃત શબ્દ સાધારણ પરથી ઉતરી આવ્યો છે. અંગ્રેજીમાં જો એનો અર્થ વ્યક્ત કરવો હોય તો વેદાન્તતીર્થ (1936, પા. 35) મુજબ જનરલાઈઝડ્ પ્રેઝન્ટેશન, યાદવ (1988, પા. 187) મુજબ સિમ્પલીફિકેશન અને ડિસ્સાનાયકે (2006, પા 4) મુજબ યુનિવર્સાલિઝેશન તરીકે ઉલ્લેખિત કરી શકાય.

સાધારણીકરણના સિદ્ધાંત સાથે સહૃદયતાનો સિદ્ધાંત પણ સંકળયાલો છે. જે ઐક્ય, એકતા કે એકસરખાપણુ દર્શાવે છે. હકીકતમાં તો સહ્દયતાના મુખ્ય સિદ્ધાંત પર જ સાધારણીકરણનો સિદ્ધાંત ઊભો છે. જ્યારે સંદેશો મોકલનાર અને સંદેશો મેળવનાર સાધારણીકરણની પ્રક્રિયાને પૂર્ણ કરે છે ત્યારે તેઓ સહૃદયતાને સિદ્ધ કરે છે અને તેઓ સહૃદય બને છે. બીજા શબ્દોમાં કહીએ તો, નટ અને દર્શક, સહ્દય ત્યારે બને છે જ્યારે તેઓ સહ્દયતાને સિદ્ધ કરતાં પ્રત્યાયનના સંબંધથી જોડાય છે, અને ત્યારે સાધારણીકરણની પ્રક્રિયા પૂર્ણ થાય છે. એ રીતે સાધારણીકરણનું મહત્ત્વનું કાર્ય લોકો વચ્ચે સામાન્યતા કે ઐક્ય સર્જવાનું છે.  સમાજમાં સહૃદયતાને લીધે જ દ્વિમાર્ગી પ્રત્યાયન અને મ્યુચ્યુઅલ

અન્ડરસ્ટેન્ડિંગ શક્ય બને છે. જો આપણે પ્રત્યાયનને, આપણી સમજ માટે, સ્ટેપ બાય સ્ટેપ થતી એક પ્રક્રિયા તરીકે લઈએ, તો સહૃદય પ્રેષક (સંદેશો મોકલનાર), જે ભાવ (લાગણી કે વિચાર) એની પાસે છે, એને અભિવ્યંજના દ્વારા વ્યક્ત કરે છે. મૂળ સહૃદયક પ્રેષકના ભાવ આ પ્રક્રિયા દ્વારા સહૃદય પ્રાપક (સંદેશો મેળવનાર) સુધી પહોંચે છે અને એ સહૃદય પ્રાપક રસસ્વાદનની પ્રક્રિયામાંથી પસાર થાય છે.

સાધારણીકરણ મોડેલ ઓફ કમ્યુનિકેશન (ટૂંકમાં, 'એસએમસી')ના આધાર તરીકે ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર' અને ભતૃહરિના 'વાક્યપદીય' છે. એસએમસી (ગુજરાતીમાં 'સામોક')ના મૂળીયા ભારતીય સંસ્કૃતિમાં હોવાને કારણે આ મોડેલના વૈશ્વિકીકરણને ઊની આંચ પણ આવી નથી એવું પોતાના સંશોધન (2003)માં ડૉ. નિર્મલ મણિ અધિકારી નાટ્યશાસ્ત્ર અને વાક્યપદીયનો અભ્યાસ કરતાં જણાવે છે. વધુમાં તેઓ ઉમેરે છે કે, વૈદિક હિન્દુઈઝમના સમયગાળાનું પ્રતિનિધિત્વ કરતા આ વિશિષ્ટ પ્રત્યાયન મોડેલ- સાધારણીકરણ મોડેલ ઑફ કમ્યુનિકેશન (એસએમસી) સંશોધનને આધારે વિકાસિત થઈને રજૂ થયેલું પૂર્વનું કદાચ સૌ પહેલું પ્રત્યાયન મોડેલ હતું. જેણે હિન્દુ દ્રષ્ટિકોણથી પ્રત્યાયનના અભ્યાસને એક નવી દિશા ચીંધી. એટલે જ પંત (2009, નવેમ્બર 24, પા.4) કહે છે કે પૂર્વના દ્રષ્ટિકોણને સુપેરે રજૂ કરતાં આવા વિશિષ્ટ મોડેલનો નવી પ્રત્યાયન થિયરીઝના વિકાસમાં ચોક્કસ સિંહફાળો છે. હકીકતમાં, હિન્દુ મોડેલ ઓફ કમ્યુનિકેશન તરીકે એસએમસી જેવા મોડેલ, વૈશ્વિક સ્તરે શાંતિ અને સદ્ભાવ માટે યોગ્ય રીતે સમજવા અને અમલમાં મૂકાવા જોઈએ એવો અધિકારી (2012)નો મત છે. જોકે ડૉ. અધિકારી સૂચવે છે કે સાધારણીકરણની વિભાવના કે થિયરીને સાધારણીકરણ મોડેલ સાથે ભેળસેળ કરવાની જરુર નથી. ભરતમુનિના રસસિદ્ધાંત આધારે ભટ્ટ નાયકે આપેલો સાધારણીકરણનો સિદ્ધાંત તો સ્વયંસ્પષ્ટ છે પરંતુ જ્યાં સાધારણીકરણના પ્રત્યાયન મોડેલનો સંદર્ભ છે એમાં મૂળ સાધારણીકરણની વિભાવના કે થિયરીની સાથોસાથ પ્રત્યાયન વિષયે અન્ય કેટલાંક મહત્ત્વના હિન્દુ દ્રષ્ટિકોણના સંદર્ભસ્રોત પણ સંકળાયેલા છે.

**એમએમસી મોડેલમાં જે મહત્ત્વના તત્ત્વો** છે એમાં

-સહૃદયો તરીકે સંદેશો મોકલનાર અને સંદેશો મેળવનાર,

-ભાવ ( ઈમોશન્સ)

-અભિવ્યંજના (એક્સ્પરેશન કે એનકોડિંગ),

-સંદેશો (માહિતી),


-સારણી (ચેનલ),

-રસસ્વાદન (સંદેશો મેળવી, ડીકોડિંગ અને અર્થઘટન કરી અંતે રસપ્રાપ્તિ),

-દોષ (નોઈસીઝ),

-સંદર્ભ (કન્ટેક્સ) અને

-પ્રતિક્રિયા (ફિડબેક)નો સમાવેશ થાય છે.




**સાધારણીકરણ મોડેલ ઑફ કમ્યુનિકેશન (ટૂંકમાં, એસએમસી, ગુજરાતીમાં સામોક)**

*(એન ઈન્ટ્રોડક્શન ટુ સાધારણીકરણ મોડેલ ઓફ કમ્યુનિકેશન, નિર્મલ મણિ અધિકારી, બોધિ, માર્ચ 2010)* [3]

## નિષ્કર્ષ

આ મુદ્દે કેટલાંક મહત્ત્વના મુદ્દા ધ્યાનમાં લેવા જેવા છે.

1.આ મોડેલનું બંધારણ નોન-લિનીયર છે. જે દ્વિમાર્ગી પ્રત્યાયનની પ્રક્રિયા બાદ પ્રત્યાયનમાં સંકળાયેલી બેય વ્યક્તિઓ વચ્ચે એક મ્યુચ્યુઅલ અન્ડરસ્ટેન્ડિંગમાં પરિણમે છે.

2.જ્ઞાતિજાતિ, ભાષાસંસ્કૃતિ અને ધાર્મિક માન્યતાઓના વૈવિધ્યને કારણે રચાતી જટિલ પરિસ્થિતિમાં હિન્દુ સમાજમાં સફળ પ્રત્યાયન કેવી રીતે શક્ય બને છે.

3.સાધારણીકરણમાં પ્રત્યાયન કરી રહેલી વ્યક્તિઓ વચ્ચેનો આંતરસંબંધ અત્યંત મહત્ત્વનો હોય છે. એ માત્ર સંબંધના સંદર્ભમાં જ નહીં પરંતુ એ સંબંધના વૈશિષ્ટ્યને કારણે અગત્યનો બને છે. જેમકે ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધ.

4.મોડેલ દર્શાવે છે કે અભિવ્યંજના (એનકોડિંગ) અને રસસ્વાદન (ડિકોડિંગ) એ પ્રત્યાયનની પ્રાથમિક પ્રવૃત્તિ છે.

5.પ્રત્યાયન બાબતે હિન્દુ દ્રષ્ટિકોણ આંતરિક કે આંતરવ્યૈક્તિક પ્રવૃત્તિ પર ભાર મૂકે છે.

6.સંદર્ભ (કન્ટેક્સ)ની ઉપલબ્ધતાને કારણે ટેક્સ્ટ એનો ઓબ્જેક્ટિવ અર્થ જાળવી રાખે છે.

7.હિન્દુ દ્રષ્ટિકોણમાં પ્રત્યાયનની શક્યતા ઘણી વ્યાપક છે. મોડેલમાં જોયું એમ, પ્રત્યાયન આપણા જીવનના આધિભૌતિક (ફિઝીકલ), આધિદૈવિક( મેન્ટલ) અને આધ્યાત્મિક (સ્પિરચ્યુઅલ) ત્રણેય પરિમાણ સાથે યથાયોગ્ય રીતે સંકળાઈ શકે એટલો વ્યાપક છે.

8.હિન્દુઈઝમ હંમેશા જીવનના ચારેય પુરુષાર્થ- ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પ્રાપ્ત કરવા પર ભાર મૂકે છે. મોડેલ એ પણ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ચારેય પુરુષાર્થને પ્રાપ્ત કરવામાં પ્રત્યાયન સક્ષમ છે. આમ સમગ્રતયા જોઈએ તો આ એસએમસી મોડેલ સ્પષ્ટપણે હિન્દુ વૈશ્વિક દ્રષ્ટિકોણને પ્રસ્તુત કરે છે.

## સંદર્ભસૂચિ

### અ. ઈલેક્ટ્રોનિક (ઓનલાઈન) સંદર્ભ-

1.સાધારણીકરણ અર્થ પરિભાષા એવં સ્વરુપ, ડૉ. ચરન્સ કોમ્પિટેટિવ પ્લેટફોર્મ- साधारणीकरण : अर्थ, परिभाषा एवं स्वरूप – Dr. Charan's Competition Platform (dccp.co.in)

2.થિયેટર કમ્યુનિકેશન- રિવિઝિટિંગ ભરતમુનિઝ નાટ્યશાસ્ત્ર, વિશાખા રાજકુમાર રાજ-દેવવ્રત સિંઘ, માર્ચ 2021, https://www.researchgate.net/publication/351274044

3.એન ઈન્ટ્રોડક્શન ટુ સાધારણીકરણ મોડેલ ઓફ કમ્યુનિકેશન, નિર્મલ મણિ અધિકારી, બોધિ, માર્ચ 2010. https://www.researchgate.net/publication/250192099

**બ. શોધપત્રો (ઓફલાઈન) સંદર્ભ-**

4.સાધારણીકરણ- નાટ્યશાસ્ત્ર, ધ સાધારણીકરણ મોડેલ ઓફ કમ્યુનિકેશન (એસએમસી) એન્ડ મેથોડોલોજી ઓફ થિયરી બિલ્ડિંગ, ડૉ, નિર્મલ મણિ અધિકારી, કાઠમંડુ યુનિ. નેપાળ, 16-2-2014

5.સાધારણીકરણ, અંશુ શર્મા, જાન્યુઆરી 2018, દ્રાવિડિયન વિશ્વવિદ્યાલય, શ્રીનિવાસવનમ્ કુપ્પમ્, આંધ્રપ્રદેશ

6.ભરતમુનિ એન્ડ વેસ્ટર્ન ડ્રામેટિક થિયરી, વિપીન મહોરે, ગર્વમેન્ટ કોલેજ, ઉમરાનાલા, છિન્દવાડા, મધ્યપ્રદેશ

7.કમ્યુનિકેશન ઈન ઈન્ડિયન કન્ટેક્સ- ફ્રોમ એન્શન્ટ ટાઈમ્સ ટુ ટિલ ટુડે, પરીક્ષિત જોશી, માસકોમ થિયરી પ્રેઝન્ટેશન, પીએચડી કોર્સવર્ક (અનપબ્લિશ), 15-4-2022

**ક. ગ્રંથ સંદર્ભ-**

8. ઈન્ડિયન ટ્રેડિશન ઓફ કમ્યુનિકેશન- થિયરી એન્ડ પ્રેક્ટિસ ઓફ કમ્યુનિકેશન- ભરતમુનિ, ડૉ. નિર્મલ મણિ અધિકારી, માખનલાલ ચતુર્વેદી નેશનલ યુનિ. ઓફ જર્નલિઝમ એન્ડ કમ્યુનિકેશન, ભોપાલ.

9.શ્રીભરતમુનિવિરચિત નાટ્યશાસ્ત્રમ્, પંડિત રામગોવિન્દ શુક્લ, ચૌખંમ્બા, વારણસી, 1957.

10.ભરત નાટ્સશાસ્ત્ર– આધુનિક સંદર્ભ, ડૉ. મહેશ ચંપકલાલ શાહ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1997

11. સાહિત્યમીમાંસા, પ્રિ. ડૉ. બહેચરભાઈ ર. પટેલ, યુ.ગ્રં.નિ.બોર્ડ, 2000

12.વાઙ્મયચિંતન, જ્યોતિન્દ્ર દવે, સંપા. કૃષ્ણવીર દીક્ષિત, ફાર્બસ ગુજરાતી સભા, 1984

13.સંસ્કૃતિ નાટ્યસિદ્ધાંત, ચૌખમ્બા, વારણસી, 1969

14.ભરતનું નાટ્યશાસ્ત્ર, રસિકલાલ છો. પરીખ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, 1961

15. પશ્ચિમનું સાહિત્ય વિવેચન (પ્રાચીન કાળ), શિરીષ પંચાલ, યુ.ગ્ર.નિ.બોર્ડ, 1992

16. વાઙ્મયવિમર્શ, રામપ્રસાદ બક્ષી, એમ.એમ.ત્રિપાઠી પ્રા. લિ., 1963.

*(દિનાંક 10-11 મે, 2022ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન (આરએફઆરએફ), વિજ્ઞાન ગુર્જરી, પીએચ.ડી. ફેસિલેશન સેન્ટર અને આઈક્યૂએસીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી યંગ રિસચર્સ કોન્ફરન્સમાં પ્રસ્તુત કરેલું શોધપત્ર.)*

---

પરીક્ષિત જોશી
6, તપસ્વી જલારામ સોસાયટી,

રામતીર્થ સોસાયટી પાસે, જ્ઞાનદા બસ સ્ટેન્જ,
જીવરાજ પાર્ક માર્ગ,
વેજલપુર, અમદાવાદ-380051.
(મો.)9099016261
pjoshi1975@gmail.com